
## ૧૦ કામ કરીએ કલક કલક

Y8H5J3

ચાલો, ગાઈએ ગીતડું :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

૧. તમને શું કરવું બહુ જ ગમે છે ?
૨. તમે રિસેસમાં શું શું કરો છો ?
૩. તમે રજાના દિવસે શું શું કરો છો ?

## તમારાં આ કામ કોણ કરે છે ? √ કરો. આપેલ જગ્યામાં બીજાં કામ પણ લખો :

| કામ | મમ્મી | પપ્પા | દાદા | દાદી | હું પોતે | બીજું કોઈ |
|---|---|---|---|---|---|---|
| વાળ ઓળવા | | | | | | |
| બૂટ-મોજાં પહેરવાં | | | | | | |
| નહાવું | | | | | | |
| કપડાં પહેરવાં | | | | | | |
| દફતર ગોઠવવું | | | | | | |
| લેસન કરવું | | | | | | |
| નાસ્તાનો ડબ્બો ભરવો | | | | | | |
| મોઢું ધોવું | | | | | | |
| જમવું | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારા મિત્ર જાતે કયાં કામ કરે છે તે જૂથમાં બેસી લખો.

વિદ્યાર્થીઓને પાંચ-પાંચના જૂથમાં બેસાડી એકબીજાની ચોપડીમાં કોઠામાં જોઈને લખવા કહો જરૂર પડે મદદ કરો.

દિવ્યા દફતર ભરે છે અને જાતે જ જમે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ તમારા ઘરમાં આ કામ કોણ કોણ કરે છે ? √ કરો. યાદ કરી બીજાં કામ પણ લખો.

| કામ | હું | મમ્મી | પપ્પા | દાદા | દાદી | ભાઈ | બહેન | કામવાળાં |
|---|---|---|---|---|---|---|---|---|
| બાગમાં પાણી પાવું | | | | | | | | |
| ઘરની સફાઈ કરવી | | | | | | | | |
| વાસણ સાફ કરવાં | | | | | | | | |
| ચા બનાવવી | | | | | | | | |
| કપડાંની ગડી વાળવી | | | | | | | | |
| રમકડાં ગોઠવવાં | | | | | | | | |
| પોતું કરવું | | | | | | | | |
| શાક લેવા જવું | | | | | | | | |
| રૂમાલ ધોવો | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

૧. તમારા ઘરમાં મમ્મી કયાં કયાં કામ કરે છે ?
૨. ઘરમાં પપ્પા કયાં કયાં કામ કરે છે ?
૩. તમે ઘરનાં કયાં કયાં કામ કરો છો ?
૪. તમને કયાં કયાં કામ કરવાં ગમે છે ?
૫. તમને કયાં કયાં કામ કરવાં ગમતાં નથી ?
૬. તમે પડોશીનાં કામ કરો છો ? કયાં કયાં ?

તમે ઘરમાં પોતું કરો, પછી કહો કે પોતું કરવા માટે શું શું કર્યું

- મેં પહેલાં ડોલ લીધી, પછી પાણી ભર્યું, પછી ....

આ રીતે રૂમાલ ધોવો, શાક લેવા જવું, દફતર ભરવું વગેરે જેવાં અનેક કામ વિશે પૂછો.

- **ચાલો, ગાઈએ ગીતડું :** બા, પેલા બાગમાં દોડી દોડી જાઉં

**જોડીમાં કામ કરો. પહેલાં તમે મિત્રને લખાવો, પછી એ તમને લખાવશે.**

### ચકલીની સવાર

સવાર પડી.
ચકચક ચકલી જાગી. તેણે ગીત ગાયું : ચીંચીંચીં...
બાજુની ડાળેથી ચમચમ ચકલીએ બૂમ પાડી : ગુડ મોર્નિંગ, ચકચક.
ચકચક : વેરી ગુડ મૉર્નિંગ.
ચમચમ : શું કરીશ આજે ?
ચકચક : બસ, મજા મજા. આજે નિશાળમાં જઈશ ને બાળકો સાથે વાતો કરીશ. ને ગીતો ગાઈશ... ચીંચીંચીં.'
ચમચમ : તો તો હું પણ આવીશ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તા :

આરોહ-અવરોહયુક્ત ભાવવાહી વાચન કરો. જ્યાં 'ક્લક ક્લક ક્લક' આવે ત્યારે બાળકો પાસે સમૂહમાં બોલાવો. ત્યારબાદ વાર્તા ટુકડે-ટુકડે વિદ્યાર્થીઓ પાસે વંચાવો.

### કામગરી મરઘી

એક હતી મરઘી. કર્મી એનું નામ. બોલે 'ક્લક ક્લક ક્લક'. કામ કરે ચકાચક. એને જડ્યો એક ઘઉંનો દાણો. 'ક્લક ક્લક ક્લક.'



'એ ઘઉંનો દાણો વાવશે કોણ ?' એણે પૂછ્યું.

'હું નહિ વાવું..' કૂતરાએ કહ્યું.

'હું નહિ વાવું..' બિલાડીએ કહ્યું.

'હું નહિ વાવું..' વાંદરાએ કહ્યું.

'હું નહિ વાવું..' મોરલાએ કહ્યું.

'તો પછી હું તો વાવીશ જ.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક.'

મરઘીએ ઘઉંનો દાણો વાવ્યો. પછી એમાંથી અંકુર ફૂટ્યો. અંકુર વધીને છોડ થયો. છોડ પર લીલાંકચ પાંદડાં આવ્યાં. સૂરજનો તડકો એ જોવા રોજ આવે. છોડ વધીને મોટો થયો. એને માથે ઉંબીઓ દેખાઈ. એ ઉંબીઓમાં દાણા ભરાયા. મરઘીનું મન ભરાયું. દાણા પાક્યા.



'હવે એ ઘઉં લણશે કોણ ?' મરઘીએ પૂછ્યું.

'હું નહિ લણું..' કૂતરાએ કહ્યું.

'હું નહિ લણું..' બિલાડીએ કહ્યું.

'હું નહિ લણું..' વાંદરાએ કહ્યું.

'હું નહિ લણું..' મોરલાએ કહ્યું.

'તો પછી હું લણીશ.' કર્મીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક.' મરઘીએ ઘઉં લણી લીધા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

‘હવે આ ઘઉં ઝૂડશે કોણ ?’ મરઘીએ પૂછયું.



‘હું નહિ ઝૂડું..’ કૂતરાએ કહ્યું.

‘હું નહિ ઝૂડું..’ બિલાડીએ કહ્યું.

‘હું નહિ ઝૂડું..’ વાંદરાએ કહ્યું.

‘હું નહિ ઝૂડું..’ મોરલાએ કહ્યું.

‘તો હું ઝૂડું છું.’ મરઘીએ કહ્યું. ‘ક્લક ક્લક ક્લક’ મરઘીએ ઘઉં ઝૂડી લીધા.

‘હવે  આ ઘઉં દળાવવા ઘંટીએ કોણ જશે ?’ કમીએ પૂછયું.



‘હું નહિ જાઉં..’ કૂતરાએ કહ્યું.

‘હું નહિ જાઉં..’ બિલાડીએ કહ્યું.

‘હું નહિ જાઉં..’ વાંદરાએ કહ્યું.

‘હું નહિ જાઉં..’ મોરલાએ કહ્યું.

‘તો હું ઘંટીએ જઈશ ને ઘઉં દળાવી લાવીશ.’ મરઘીએ કહ્યું. ‘ક્લક ક્લક ક્લક’ ને પછી મરઘી ઘઉં લઈને ઘંટીએ ગઈ. ઘઉં દળાવ્યા. લોટ લઈને મરઘી પાછી આવી. ‘ક્લક ક્લક ક્લક.’

‘હવે આ ઘઉંની રોટલી બનાવશે કોણ ?’ મરઘીએ પૂછયું.



‘હું નહિ બનાવું..’ કૂતરાએ કહ્યું.

‘હું નહિ બનાવું..’ બિલાડીએ કહ્યું.

‘હું નહિ બનાવું..’ વાંદરાએ કહ્યું.

‘હું નહિ બનાવું..’ મોરલાએ કહ્યું.

‘તો પછી રોટલી હું બનાવીશ.’ મરઘીએ કહ્યું. ‘ક્લક ક્લક ક્લક’. મરઘીએ પછી લોટ બાંધ્યો, રોટલી વણી, શેકી, ઘીમાં ઝબોળીને થાળીમાં પીરસી. સુગંધ આવી. સહુનાં મોંમાં પાણી પાણી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



'હવે આ રોટલી ખાશે કોણ ?' મરઘીએ પૂછ્યું.
'હું ખાઈશ..' કૂતરાએ કહ્યું.
'હું ખાઈશ..' બિલાડીએ કહ્યું.
'હું ખાઈશ..' વાંદરાએ કહ્યું.
'હું ખાઈશ..' મોરલાએ કહ્યું.

'ના, ના, રોટલી તો હવે હું જ ખાઈશ.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક.' ને મરઘી રોટલી ખાઈ ગઈ. રોટલી બનાવવા માટે કર્મીએ કેટલું કર્યું હતું ! ખરી મહેનત એની એકલીની જ હતી ને !

- આ વાર્તામાં 'નહિ' કેટલી વખત આવે છે ?

## શિક્ષક સાથે બોલો :

૧. વારાફરતી ચાર-ચાર જણાને ઊભા કરો.
૨. કોણ કયાં પશુ-પંખીનો સંવાદ બોલશે એ નક્કી કરવા દો.
૩. વાર્તામાં મરઘીના સંવાદો તમે બોલો ને વચ્ચે આવતાં પશુ-પંખીના સંવાદ વિદ્યાર્થીને બોલવાનું કહો.
૪. વર્ગનાં બધાંનો વારો આવે એટલી વખત સંવાદો ચાલુ રાખો.

આ જ રીતે ફરીથી વાર્તા કહીએ.. પણ પશુ-પંખીના અવાજ સાથે.. જેમ કે..

શિક્ષક : 'ક્લક ક્લક ક્લક હું છું એક મરઘી... કામગરી મરઘી.
મને જડ્યો છે એક ઘઉંનો દાણો. ક્લક ક્લક ક્લક...
ક્લક ક્લક ક્લક... એ ઘઉંનો દાણો વાવશે કોણ ? ક્લક ક્લક ક્લક.'

પહેલો વિદ્યાર્થી : 'હાઉ હાઉ...હું નહિ વાવું, હાઉ હાઉ...'



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બીજો વિદ્યાર્થી : 'મ્યાઉં મ્યાઉં... હું નહિ વાવું, મ્યાઉં મ્યાઉં...'

ત્રીજો વિદ્યાર્થી : 'હૂપ હૂપ... હું નહિ વાવું, હૂપ હૂપ...'

ચોથો વિદ્યાર્થી : 'ટેહુક... ટેહુક... હું નહિ વાવું, ટેહુક... ટેહુક...'

## બધાં મળી એકસાથે વાર્તા કહીએ...

ચાર જૂથ બનાવો. જૂથ માટે ચારેય પશુ-પંખીનાં નામમાંથી એકએક નામ આપો. તમે વાર્તા કહો ત્યારે ઉપરની પ્રવૃત્તિની જેમ પશુ-પંખીના અવાજમાં એક સાથે પોતપોતાના જૂથનો સંવાદ બોલશે.

## નામ લખો. નાટકમાં કોણ કોણ કયું પશુ-પંખી બન્યાં....

મરઘી

કૂતરો

બિલાડી


વાંદરો

મોર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મરઘીનું પીલું ખેતરમાં ખોવાયું છે. મરઘીને તેના પીલા સુધી પહોંચાડો :



## આ વાર્તામાં છે કે નથી ? લખો :

૧. ઘઉંના દાણાને ઉંબીઓ બેઠી.

૨. કર્મીએ રોટલીને ઘીમાં ઝબોળી અને પછી વણી.

૩. મરઘીએ ઘઉં લણી લીધા.

૪. ખેતરમાં ત્રણ પંખીઓ રહેતાં હતાં.

૫. કૂતરાએ ઘઉં ઝૂડવાની ના પાડી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૬. ખેતરમાં સોમાભાઈ મરઘીનું ધ્યાન રાખતા.

૭. મરઘીએ ઘઉંના દાણા ઘરઘંટીમાં દળ્યા.

૮. મરઘી રોટલી ખાઈ ગઈ.

**ઘઉંના દાણામાંથી રોટલી બનાવવા માટે શું કરાય ? કહો :**

**લખો :**

૧. મરઘી કામગરી હતી. તેણે કયાં કયાં કામ કર્યાં ?

૨. સૂરજ રોજ શું કરવા આવે છે ?

૩. કૂતરાએ શું કર્યું ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. શું શું ઉગાડાય ?

૫. શું શું દળાવાય ?

૬. ઘઉંમાંથી શું બનાવાય ?

## પેટીમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

૧.

| |
|---|
| બહેન |
| દફતર |
| દાદા |
| કંપાસ |

સમીરનો

સમીરનું

સમીરની

સમીરના

## નો, ની, નું, નાં થી ખાલી જગ્યા પૂરો.

૧. એક લીમડા ____ ઝાડ હતું.

૨. ઝાડ ____ ટોચ પર માળો હતો.

૩. માળામાં કાગડી ____ ઈંડાં હતાં.


૪. ઈંડાં ____ રંગ સફેદ હતો. ઈંડાંમાંથી બચ્ચાં બહાર આવ્યાં.

૫. માળામાં કાગડી ____ બે બચ્ચાં હતાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્ર જોઈને કહો અને લખો :




૧.

૨. હું હાથ ધોઉં છું.

૩.

૪.

૫.

૬.

## ચિત્રમાં બતાવેલ દરેક કામમાં એક-એક ક્રિયા ઉમેરીને કહો...

**ઉદાહરણ :** હું મહેમાનોને પાણી પાઉં છું. પછી ગ્લાસ પાછા લઈ જાઉં છું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## રમત રમીએ :

વિવિધ કામ દર્શાવતી ૧૦ ચિઠ્ઠીઓ બનાવી લાવો. પછી નીચેની રમત રમાડો. સૂચનાઓ આપતા રહો.

૧. વારાફરતી આગળ આવી ચિઠ્ઠી ઉપાડો.

૨. ચિઠ્ઠીમાંથી જે નીકળે તેનો અભિનય કરો.

૩. બાકીનાં બાળકોને ઓળખવાનું કહો કે કયા કામનો અભિનય હતો.

૪. રમતની નોંધ નીચેના કોઠામાં કરાવતા રહો.

| વિદ્યાર્થીનું નામ | કયું કામ કર્યું |
|---|---|
| દક્ષેશ | હાથ ધોયા |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો, તમને કોણ કોણ આવું કહે તે લખો :

બાળકોને લખવા માટે વ્યક્તિગત માર્ગદર્શન આપો.

| શું શું કહે ? | કોણ કોણ કહે ? |
|---|---|
| વાંચવા બેસો. | |
| રમવા જાઓ. | |
| ટીવી બંધ કર. | |
| લેસન કર્યું ? | |
| જલદી ઊઠ. | |
| ચૂપ રહે, અવાજ ન કર. | |
| જે ગમે તે કર. | |
| છાનામાના બેસો. | |
| | મમ્મી |
| | પપ્પા |
| | શિક્ષક / આચાર્ય |
| | |
| | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમને જે કહે છે તે કહેનારની જેમ જ વર્ગમાં કહો.

**ઉદાહરણ :** મમ્મીની જેમ બોલો : અલ્યા સુજ્ઞેશ, હવે વાંચવા બેસ.

## ગીત ગાઓ :



એક હતી છોટી
તેને બે ચોટી
છોટી ખાય રોટી
તોય ન થાય મોટી
છોટી મોટી થાય નહીં
સાઈકલ શિખાય નહીં
છોટી સૌનું માને
પહોંચી દવાખાને
ડૉક્ટર કહે : દાળ ખૂબ ખા...
છોટી કહે : હા સાહેબ હા...



## વાતચીત :

૧. છોટીને સાઈકલ ક્યારે આવડશે ?

૨. છોટીએ જલદી મોટી થવું હોય તો તેણે શું કરવું જોઈએ ?

૩. ડૉક્ટરે છોટીને શી સલાહ આપી ?

૪. ડૉક્ટરે છોટીને આ સલાહ શા માટે આપી હશે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લખો :

| રોજ ખવાય | ક્યારેક ખવાય | ક્યારેય ન ખવાય |
|---|---|---|
| શાક | થેપલાં | મગફળીનાં ફોતરાં |
| | | સીતાફળનાં બીજ |
| | | લખોટી |
| | | |
| | | |
| | | |
| | | |

તમને તમારાં મમ્મી-પપ્પા શું શું ખાવાની ના પાડે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

"ના અડીશ... ના અડીશ... પહેલાં હાથ ધોઈ લે..." એવું તમને બધાં ક્યારે ક્યારે કહે છે ?

વાંચો અને અભિનય સાથે રજૂ કરો.

## જલેબીની લારી

મોટુ : આહાહાહાહા ! જલેબીની લારી આવી.

છોટુ : અરે ! પણ આ જલેબી તો ખુલ્લી છે.

મોટુ : ખુલ્લી હોય તો જ આપણને દેખાય ને !

છોટુ : આપણને દેખાય ને માખીનેય દેખાય..

મોટુ : એમાં વચ્ચે માખી ક્યાંથી આવી ?

છોટુ : વચ્ચે નહીં, લારી સાથે... જો ને લારી પર કેટલી બધી માખીઓ બણબણે છે !

મોટુ : છી... છી... તો તો જલેબી ખવાય જ નહીં.

છોટુ : જલેબી તો ખવાય પણ આવી ખુલ્લી જલેબી ન ખવાય.

મોટુ : હા હોં, હવે હું લારી, રેંકડી કે દુકાનમાં ખુલ્લું રાખેલું કંઈ પણ નહીં ખાઉં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જલદી જલદી

ટીની : જલદી ખા મીની.... સ્કૂલે જવામાં મોડું થાય છે.

મીની : રોટલી અરધી કરી બે જ કોળિયામાં ખાઈ જાઉં ?

ટીની : ઓ ભીમની ભત્રીજી ! એમ રોટલીના ડૂચા ન મરાય.

મીની : તો દાળ-ભાત ગળી જાઉં ?


ટીની : ના ના... એમ ખોરાક ચાવ્યા વગર ગળી ન જવાય.

મીની : તો શું કરું ?

ટીની : વાતો ન કર અને ચાવી ચાવીને ખા.

આવા સંવાદ રજૂ કરતી વખતે વાક્યો બોલવામાં જે લહેકા, આરોહ-અવરોહ અને અભિનયની જરૂર પડે છે તે સૌ વિદ્યાર્થીઓને શીખવો. એક પાત્રના સંવાદ બે-ત્રણ વખત રજૂ કરી બતાવો. સંવાદો પૂરા થયા પછી ખોરાક અંગેની સારી-નરસી ટેવો અંગે ચર્ચા કરો.

- **ચાલો, ગાઈએ ગીતડું :** બા, પેલા બાગમાં દોડી દોડી જાઉં



• • •



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in